ગાંધીનગર સમાચાર


સે-૧૨ જ-૨ કક્ષાના મકાનોમાં ગટરોનુ
દુષિત પાણી ઉભરાતા રોગચાળાની દહેશત


# મેયરના નિવાસસ્થાન બહાર કોંગ્રેસના દેખાવો





## સેક્ટર-૨૨ના પ્રવિણ પટેલના નિવાસસ્થાન તરફ ધસી જતાં ટોળાને રોકીને પોલીસે અટકાયત કરી

ગાંધીનગર, તા. ૭

કોંગ્રેસ પક્ષમાંથી ટીકીટ મેળવીને વિજયી થયા બાદ પક્ષ પલ્ટો કરીને ભાજપમાં જોડાઈ મેયર પદ પર બેસી ગયેલા પ્રવિણ પટેલ સામે કોંગ્રેસના કાર્યકરોમાં ભારોભાર રોષ છે. આજે બપોરે સે. ૨૨ સ્થિત મેયરના નિવાસસ્થાનની બહાર કોંગી કાર્યકરોનું ટોળુ ભેગુ થઈ ગયું હતું અને મહિલાઓએ થાળી-વેલણ વગાડી પ્રવિણ પટેલના નામના છાજીયા લીધા હતા તો અન્ય કાર્યકરોએ ગદ્દાર દર્શાવતુ બેનર બતાવી વિરોધ પ્રદર્શન કરી દેખાવો કર્યા હતા.

કોંગ્રેસના સે. ૨૨ સ્થિત કાર્યાલયથી કોંગી આગેવાનો અને કાર્યકરોએ રેલી સ્વરૂપે સે. ૨૨ની ગલીઓમાંથી વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. જેનો ઉદ્દેશ મતદારોને જાગૃત કરવાનો તથા પ્રવિણ પટેલનું રજુ થયેલુ અસલી સ્વરૂપ બતાવવાનો હોવાનું કાર્યકરોનું કહેવું હતું. રેલી નીકાળીને થાળી વેલણ ખખડાવી, પ્રવિણ પટેલના નામના છાજીયા લીધા હતા. તેમની પાસે સુચક બેનર હતુ જેમાં પ્રવિણ પટેલને ગદ્દાર તરીકે સંબોધન કરવામાં આવ્યું હતું. મેયરના નિવાસસ્થાન તરફ ધસી ગયેલા ટોળાને માંડ પોલીસે અટકાવ્યા હતા અને જશુભા રાણા, નિશિત વ્યાસ, ચિમન વિંઝુડા, જયરાજસિંહ સહિતના કોંગી આગેવાનો-કાર્યકરો ઉપરાંત મહિલા કાર્યકરો મળી ૪૫ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી અને પોલીસ ડબ્બામાં તથા ગાડીઓમાં બેસાડીને સે. ૨૧ પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. ત્યાર બાદ તમામને મુક્ત કરવામાં આવ્યા હતા.

# વાઈબ્રન્ટમાં કેબલ સ્ટેડ બ્રિજ પર મહાનુભાવો માટે કલબકાર દોડશે

## ચરખાની પ્રતિકૃતિનુ નિર્માણ કરવા માટે પોંડીચેરીથી ટર્બાઇન મંગાવાયા ઓગષ્ટમાં બ્રિજનુ કામ પુર્ણ કરી દેવાશે

ગાંધીનગર તા ૭

શહેરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી હાલ કેબલ સ્ટેડ બ્રીજના નિર્માણનુ કામ પ્રગતિ હેઠળ છે. આગામી વાઈબ્રન્ટ સમિટમાં મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીરને જોડતા આ બ્રિજ પર કલબ કાર દોડતી જોવા મળશે. આ નમુનારૂપ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવી રહયો છે. હાલ ચરખાની પ્રતિકૃતિ તૈયાર કરવા માટે પોંડીચેરીથી ટર્બાઈન પણ આવી ગયા છે. આગામી ઓગષ્ટ મહીના સુધીમાં કેબલ સ્ટેડ બ્રિજનુ કામ પુર્ણ કરી દેવામાં આવશે.

શહેરમાં મહાત્મા મંદિરના પ્રોજેકટનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે પ્રોજેકટને અનુલક્ષી આનુસંગિક કામગીરી ચાલી રહી છે. જેમાં ખ માર્ગ પર મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીરને જોડતો કેબલ સ્ટેડ બ્રિજ બનાવાનુ કામ પ્રગતિ હેઠળ છે. કેબલ સ્ટેડ બ્રિજ માટે અગાઉ ચાઈનાથી કેબલ મંગાવાયા હતા જયાર ચાઈના ઈજનેરોની ટીમે પણ સાઈટની મુલાકાત પણ લીધી હતી. આગામી ઓગષ્ટ મહીનામાં બ્રિજનુ કામ પણ પુર્ણ કરી દેવામાં આવશે. જયારે હાલ ચરખાની પ્રતિકૃતિનુ નિર્માણ કરવાનુ કામ ચાલી રહયુ છે. જયારે આ માટે પોંડીચેરીથી ટર્બાઈન મંગાવાયા છે. જયારે આ પ્રોજેકટના અંતે ઉત્પન્ન થતો વીજ પુરવઠો પણ મહાત્મા મંદિરના ઉપયોગમાં લેવાશે. આ બ્રિજનુ કામ આગામી ઓગષ્ટ મહીના સુધી ચાલશે. જયારે હાલ આ કામગીરીને અનુલક્ષી ખ-૪ ખ-૫ વચ્ચેનો માર્ગ બંધ રાખવામાં આવ્યો છે. આગામી વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ અત્યારથી શરૂ કરી દેવામાં આવી છે.ત્યારે વાઈબ્રન્ટ દરમિયાન આ બ્રિજ પર મહાનુભાવો કલબ કારમાં અવરજવર કરતા નજરે પડશે.

# આર ટી ઓમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ માટે એપોઈન્ટમેન્ટ સિસ્ટમ દાખલ કરાશે

## ઓનલાઈન એપોઈન્ટમેન્ટ પધ્ધતિના આધારે અરજદારોને સાનુકુળતા રહેશે

ગાંધીનગર તા ૭

શહેરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકના આધારે લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. અરજદારોએ આ ટ્રેકના આધારે ટેસ્ટ આપીને લાઈસન્સ માટે લાયક કે ગેરલાયક ઠરાવામાં આવે છે. જયારે હવે આ ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટ આપવા માટે સોમવારથી એપોઈન્ટમેન્ટ પધ્ધતિનો અમલ કરવામાં આવશે.

શહેરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં અરજદારોએ સમય ન વેડફવો પડે તે માટે એપોઈન્ટમેન્ટ પધ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે. પેપર લેસ કહેવાતી આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા વારંવાર ટેકનિકર ખામી સર્જાતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. થોડા સમય અગાઉ પણ ટેકનિકલ ખામીના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# રાજયભરમાં ૯ થી ૧૧ અને ૧૬ થી ૧૮ જુન દરમ્યાન શાળા પ્રવેશોત્સવ યોજાશે

## શિક્ષણ વિભાગે પ્રવેશોત્સવના આયોજનની કવાયત આરંભી દીધી : ગુણોત્સવમાં સી અને ડી ગ્રેડની શાળાઓમાં આવા કાર્યક્રમો યોજવા માટે અગ્રતા અપાશે

ગાંધીનગર, તા. ૭

આગામી ૯ થી ૧૧ જુન અને ૧૬ થી ૧૮ જુન દરમ્યાન રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઉજવવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા પ્રવેશોત્સવની તારીખો નિયત કરી અને તેના આયોજનો તૈયાર કરી જિલ્લાઓને ૨૦મી સુધીમાં મોકલી આપવાની સૂચના પણ આપી દેવામાં આવી છે. આ માટે પ્રવેશપાત્ર બાળકોનો સર્વે કરવાની સૂચના પણ વિભાગે આપી દીધી છે.

છેલ્લા કેટલાક વર્ષથી રાજ્ય સરકાર દ્વારા જુનમાં વેકેશન ખુલતાં જ પ્રવેશોત્સવ શાળાઓમાં ઉજવવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ઉપરાંત મંત્રીમંડળના સભ્યો પદાધિકારીઓ તેમજ ઉચ્ચ સનદી અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓ આ કાર્યક્રમમાં ખાસ હાજરી આપે છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રોજ એક રૂટ પર બે થી ત્રણ શાળાઓમાં જ

● અનુસંધાન પાન-૭ પર

# અરણ્યભવન વિસ્તારમાં સિરસના વૃક્ષોનુ ટ્રીમીંગ ૩ ભયજનક વૃક્ષોની કટોતી

## કાર્બનનો સંગ્રહ કરતા વૃક્ષોનો ઘટાડો થતા પ્રકૃતિ પ્રમીઓમાં નારાજગી





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૭

અરણ્યભવન નજીક વૃક્ષોનો સોથ નિકળતા નગરના પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે બીજીતરફ અરણ્યભવન નજીકના વિસ્તારમાં જ ભયજનક વૃક્ષોની જ કટોતી કરવામાં આવી રહયો હોવાનો એકરાર તંત્રએ કર્યો છે. ગત ચોમાસા દરમિયાન તોફાની વરસાદમાં આ વિસ્તારમાં પણ વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જયારે વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે તંત્ર દ્વારા આ ઠેકાણે સ્થિત તોતિંગ વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરવામાં આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



મારા ધર્મપત્ની **અ.સૌ. રેખાબેન મફતલાલ વાઘેલા**નો તા. ૫/૫/૨૦૧૬ ગુરૂવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૯/૫/૨૦૧૬ને સોમવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૪૮૫/૧, ૨૯, વૃંદાવન પાર્ક, સેક્ટર-૨૨, ઘ-૬ નજીક, ગાંધીનગર.
(૯૮૨૫૦૦૫૯૧૯,૯૪૨૮૫૦૮૫૯૭)

**મફતલાલ ડાહ્યાભાઈ વાઘેલા**
(નિવૃત્ત હિસાબી અધિકારી DAT)

| | |
|---|---|
| ગોરધનભાઈ ડાહ્યાભાઈ વાઘેલા (દીયર) | કાંતિભાઈ ડાહ્યાભાઈ વાઘેલા (દીયર) |
| ચંદ્રેશ મફતલાલ વાઘેલા (પુત્ર) (માહિતી ખાતુ, ગાંધીનગર) | રેખા ચંદ્રેશભાઈ વાઘેલા (પુત્રવધૂ) (સ્વામિનારાયણ શિશુવિદ્યાલય, સે.૨૨) |
| શૈલેષકુમાર મોહનભાઈ વાળંદ (જમાઈ) | જ્યોત્સના શૈલેષકુમાર વાળંદ (પુત્રી) |
| તુષારકુમાર કાંતિભાઈ બારડ (જમાઈ) | ધર્મિષ્ઠા તુષારકુમાર બારડ (પુત્રી) |

નોંધ : કાણ-મોકાણ લૌકિક ક્રિયા બંધ છે.

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. પોચાભાઈ કરસનભાઈ ગોહેલ — હરિભાઈ કરસનભાઈ ગોહેલ
પ્રવિણ પોચાભાઈ ગોહેલ


## નવનિયુક્ત પદાધિકારીઓ સોમવારે હોદ્દા સંભાળશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓ સોમવારે સવારે ૧૦.૧૫ કલાકે તેમના નવા હોદ્દાના ચાર્જ સંભાળી લેશે.

આજે શહેર ભાજપ દ્વારા એક અખબારી યાદીમાં આ અંગેની વિગતો જણાવવામાં આવી છે. ગઈકાલે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં મેયર તરીકે શ્રી પ્રવિણ પટેલ, ડે. મેયર તરીકે શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા ચૂંટાઈ આવ્યા છે અને સ્ટેન્ડીંગ કમિટીના ચેમરેન તરીકે શ્રી મનુભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા છે તે ત્રણેય હોદ્દેદારો સોમવારે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.


## જોઈએ છે

અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ સંચાલિત બક્ષીપંચ કુમાર છાત્રાલય, ગાંધીનગર (વિ.જા.) પ્રા. મંજુરી / ૧૫-૧૬/૨૯૦ તા. ૩૧/૩/૨૦૧૬ થી નવીન છાત્રાલયની મંજુરી મળેલ છે. જેમાં નીચે મુજબના કર્મચારીઓની ભરતી કરવા સારૂ, લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૧૦માં રજિ. પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે અરજી કરવી.

| | | |
|---|---|---|
| (૧) | ગૃહપતિ - ૧ | ધો.૧૨/ગ્રેજ્યુએટ બક્ષીપંચને અગ્રતા |
| (૨) | રસોઈયા-૧ | રસોઈ કામના જાણકાર |
| (૩) | ચોકીદાર-૧ | |

સહી/-
પ્રમુખ/મહામંત્રી
અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ
ગાંધીનગર
બક્ષીપંચ કુમાર છાત્રાલય
સેક્ટર-૩/બી, ગાંધીનગર


# રાંધેજામાં ઝાડાના ૩૯ કેસ નોંધાયા

## તંત્રએ પાંચ પાણીના લિકેજીસ શોધી કાઢ્યા; પાણીના ક્લોરીનેશન સામે પણ પ્રશ્નાર્થ : આરોગ્યતંત્રએ સર્વેલન્સ માટે ૧૨ ટીમો ઉતારી : ૫ હજાર ક્લોરીન ટિકડીઓનું વિતરણ કરાયું : હાલ નવા દર્દીઓ સારવાર હેઠળ સ્થાનિક હોસ્પિટલમાં છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે ૩૯ જેટલા ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાતા જિલ્લાના આરોગ્યતંત્રની દોડધામ વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા ખાતે પાણીના ક્લોરીનેશનને અભાવે તેમજ પાણીની પાઈપલાઈનોના લીકેજીસને કારણે આ સ્થિતિ ઉભી થવા પામી છે. આજે તંત્રના સર્વેલન્સમાં પાંચથી પણ વધુ લીકેજીસ શોધી કાઢવામાં આવ્યા છે અને તે દુરસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આરોગ્ય તંત્રે ગામમાં સર્વેલન્સ માટે ૧૨ જેટલી ટીમો કામે લગાડી અને પાંચ હજારથી પણ વધુ ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કર્યું છે. હાલ રાંધેજાની અનુદાનિત ટ્રસ્ટની હોસ્પિટલમાં ૧૦ દર્દીઓ સારવાર હેઠળ છે અને ૨૮ જેટલા દર્દીઓને સારૂ થતાં રજા આપી દેવામાં આવી છે.

૪થી તારીખે રાંધેજામાં બે સામાન્ય કેસ મળી આવ્યા હતા પરંતુ તંત્રએ આ બાબતને સહજતાથી લીધી હતી. આ પછી ૫ મીએ વધુ ૧૧ કેસ મળતાં તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. ૬ઠ્ઠીએ ૨૧ કેસ નોંધાતા તંત્રએ સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ તાબડતોબ સર્વેલન્સ માટે ૧૨ જેટલી ટીમો ઉતારી દઈ અને રોગચાળાના મૂળમાં જવાની કામગીરી હાથ ધરી હતી.

આજે સર્વેલન્સ દરમ્યાન વધુ ૪ કેસ મળ્યા હોવાનું સૂત્રો દ્વારા જણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે સર્વેલન્સ અને પાઈપલાઈનોની ચકાસણી દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૨ જ-૨ કક્ષાના મકાનોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતા રોગચાળાની દહેશત

## સ્થાનિકોની ઇન્કવાયરી કચેરીમાં રજુઆત છતા કોઇ સાંભળતુ નથી

ગાંધીનગર તા ૭

સે-૧૨માં જ-૨ કક્ષાના સરકારી આવાસોમાં ગટરો ઉભરાતા ગંદકી ખદબદી રહી છે. સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. ગટરોનુ દુષિત પાણી ઉભરાતા ગમે ત્યારે રોગચાળો ભરડો લે તેવી દહેશત છે. આવા સંજોગોમાં સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં પણ કોઈ ફરિયાદો ન સાંભળતા રહીશો દયાજનક હાલતમાં મુકાઈ ગયા છે.

શહેરમાં ગટરા ઉભરાવાની સમસ્યા છાશવારે આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બને છે. સેકટરોમાં ગટર વ્યવસ્થા અપગ્રેડ ન થતા ગટરોનુ દુષિત પાણી ઉભરાતા સેકટરવાસીઓએ ગુંગળામણ અનુભવી રહયા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જુના સેકટરોની સાથે નવા સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની ફરિયાદો કકળાટનુ કારણ બની છે.આવા સંજોગોમાં તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર તેમજ મશીનરીનો પણ અભાવ છે. ત્યારે ગટરો ઉભરાવાની ફરિયાદોનુ ત્વરિત નિવારણ ન આવતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. સે-૧૨ જ-૨ કક્ષાના રહીશોની હાલત પણ દયાજનક બની છે. સેકટરના સરકારી આવાસોમાં છેલ્લા ૨૦ દિવસથી ગટરો ઉભરાય છે. જયારે આ મામલે રહીશો દ્વારા સેકટરની સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં રજુઆત કરવામાં આવી હોવાછતા કોઈ પગલા લેવાતા નથી. રહીશોને આ મામલે કોન્ટ્રાકટરને જાણ કરવાનુ કહેવામાં આવે છે. તેમ પણ સેકટરવાસીઓએ જણાંવ્યુ છે. સેકટરમાં ગટરો ઉભરાતા ગમે ત્યારે રોગચાળો ભરડો લે તેવી દહેશત વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહયા છે. સેકટરમાં ગટરો ઉભરાવાની સમસ્યાનુ ત્વરિત નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com